એમેઝોનના પાર્સલમાંથી આઈફોન-લેપટોપ ગુમ કરનારાના જામીન નામંજૂર

સુરતઃ એમેઝોનના પાર્સલમાંથી ૧૭.૪૫ લાખના આઈફોન- લેપટોપ ચાઉં કરવાના કેસમાં આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. સચિન પોલીસ સ્ટેશને આરોપી સૂર્યપ્રકાશ મનઆનંદ પ્રજાપતિ (રહે., નવસારી)ની સામે ફરિયાદ થઈ હતી. આરોપી અને તેના સાથીદારોએ ડિલિવરી કંપનીમાં નોકરી દરમિયાન કેન્સલ થયેલા ઓર્ડરના અસલી પાર્સલ બદલીને ૧૭ આઈફોન, ૨ મેકબુક, કેમેરા સહિત કિંમતી સામાનની જગ્યાએ ડમી પાર્સલ ગોઠવી ૧૭,૪૫,૪૩૦ ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ કેસમાં આરોપી એ જામીન અરજી કરતાં બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

કતારગામમાં અસ્થમા અને મગજની બીમારીથી પીડિત મહિલાએ ઝેર પીધું

સુરતઃ કતારગામમાં અસ્થમા અને મગજની બીમારીથી પીડિત મહિલાએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના વતની વર્ષાબેન અરવિંદભાઈ પાઠક (57 વર્ષ) હાલમાં કતારગામ ગજેરા સર્કલ પાસે આવેલ મહાવીર નગર સોસાયટીમાં પુત્ર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવી રહ્યા હતા. વર્ષાબેનને છેલ્લા દસેક વર્ષથી અસ્થમાની બીમારી હતી અને સાથે સાથે મગજની બીમારી પણ થઈ ગઈ હતી. જેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળી અંતે વર્ષાબેને બુધવારે સાંજે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ પરિવારજનોને થતાં તેમણે તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ રાત્રે વર્ષાબેનનું મોત નિપજ્યું હતુ.

વરાછામાં આર્થિક સંકડામણમાં યુવકે ઝેર પીને જીવન ટૂંકાવ્યું

સુરતઃ વરાછામાં આર્થિક સંકડામણમાં યુવકે ઝેર પીને જીવન ટૂંકાવી લીધું હતું. મળતી માહિતી મુજબ, રાજસ્થાનના વતની ભરતસિંગ દોલતસિંગ ચડાના (27 વર્ષ) હાલમાં વરાછા વિસ્તારમાં આવેલ લક્ષ્મીનગરમાં પિતા સાથે રહેતો હતો અને સાડી ફોલ્ડિંગનું કામ કરતો હતો. બે વર્ષ પહેલા તેના છૂટાછેડા થઇ ગયા હતા તેણે રાત્રે ઘરે ઝેર પી લીધું હતું. જેની જાણ થતાં તેના પિતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતા જ્યાં તેનું આજે મોત થયું હતું.

અમરોલીમાં રોડ ક્રોસ કરતા વૃદ્ધનું બાઇકની ટક્કર લાગતા મોત

સુરતઃ અમરોલીમાં રોડ ક્રોસ કરતા વૃદ્ધને બાઈક ચાલકે ટક્કર મારતાં મોત થયું હતું. મૂળ જામનગર જિલ્લાના વતની ભગવાનજી બચુભાઈ ટાંક (60 વર્ષ) હાલમાં અમરોલી વિસ્તારમાં આવેલ રઘુવીર સોસાયટીમાં રહેતા હતા અને ટાઇલ્સ ફીટીંગનું કામ કરતાં હતાં. ગઇ તારીખ 25મીએ રાત્રે તેઓ ઘર પાસેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા બાઇક ચાલકે તેમને ટક્કર મારી હતી. તેમને ઇજા પહોંચતા સ્મીમેરમાં ખસેડાયા હતાં જ્યાં તેમનું બુધવારે સારવાર દરમિયાન મોત થઇ ગયું હતું.

બગુમરા ગામે અચાનક બેહોશ થઈ ઢળી પડતાં યુવકનું મોત

પલસાણાઃ મૂળ બિહારના રોહતાસના વતની અને હાલ પલસાણાના કારેલી ગામે આરાધના પ્લેટીનમમાં રહેતા રંજનકુમાર રામજી સીંગ (ઉ.વ.૩૨) ગત તા. ૨૭/૫/૨૦૨૬ના રોજ બપોરે આશરે સાડા ત્રણ વાગ્યે બગુમરા નહેર પાસે આવેલા પતરાના શેડ નીચે ટેબલ પર બેઠા હતા. દરમિયાન તેઓ અચાનક બેહોશ થઈ ટેબલ પરથી નીચે ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે સાંજે ૫:૩૦ કલાકે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પલસાણા પોલીસે અકસ્માત મોત ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઇ. મિતાલીબેન હરીશકુમારને સોંપી છે.

દંપતીના શેર બારોબાર વેચી દેનાર HDFC બેંકને લપડાક

શેરબજારમાં નુકસાન વધી જતાં વેચી દીધેલા શેર ફરી જમા કરવા ગ્રાહક કોર્ટનો આદેશ

સુરતઃ ગ્રાહકના ડીમેટ એકાઉન્ટમાં જમા કંપનીના શેર ડીમેટ એકાઉન્ટમાંથી બારોબાર વેચી દેવાના કેસમાં HDFC બેંકને ગ્રાહકકોર્ટની લપડાક પડી છે

મહિધરપુરાના 70 વર્ષિય રાજેન્દ્રકુમાર ધીરજલાલ જરીવાલા અને સીમાબેન રાજેન્દ્રભાઈ જરીવાલાએ HDFC બેન્કની પીપલોદ બ્રાન્ચની સામે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મેઈન) સમક્ષ એડવોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન દેસાઇ, પ્રાચી અર્પિત દેસાઈ મારફત ફરિયાદ કરી હતી. રાજેન્દ્ર જરીવાલા અને સીમાબેને HDFC બેન્કમાંથી શેર ગીરો મૂકી લોન મેળવી હતી.

માર્ચ-2020માં કોરોનાની મહામારીના કારણે શેરબજારમાં ભારે કડાકો બોલાયો હતો, જેના લીધે ગીરો મુકેલા શેરોની કિંમત ઘટીને અંદાજિત 9 લાખ થઈ ગઈ હતી. જેની સામે ફરિયાદીની ડ્રોઈંગ પાવર કરતા લોનની બાકી રકમ વધી જઈને રૂ.15,89,711 થઇ હતી. જે માન્ય લિમિટ કરતા રૂ. 1,28,711 વધારે ફરિયાદીએ વાપરી હોવાનું જણાવીને, HDFC બેન્કે ફરિયાદીને કોઈ પણ પ્રકારની આગોતરી નોટિસ આપ્યા વિના કે સંમતિ લીધા વિના જ જાન્યુઆરી 2021માં ફરિયાદીના ડીમેટ એકાઉન્ટમાંથી રૂ. 8.57 લાખની કિંમતના શેર્સ બારોબાર વેચી નાખ્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી તરફથી એડવોકેટે વિવિધ વડી અદાલતોના ચુકાદાઓ ટાંકીને દલીલો રજૂ કરી હતી.

બંને પક્ષકારોની રજૂઆત બાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મેઈન)ના પ્રમુખ પી. પી. મેખીયા અને સભ્ય તીર્થેશ મહેતાએ ફરિયાદ અંશતઃ મંજૂર કરી બેન્કે ફરિયાદીના વેચી નાખેલા તમામ રૂ. 8,57,178 ના શેર્સ ફરીથી ફરિયાદીના ડીમેટ એકાઉન્ટમાં જમા કરી આપવાનો આદેશ કર્યો હતો.

વરાછાની મમતા હોસ્પિ.માં ફાર્માસિસ્ટ દ્વારા ચાલતા ગર્ભપાતના રેકેટમાં

રૂપિયા 2000ના કમિશન માટે સગર્ભાને ગર્ભપાત માટે મોકલતો એજન્ટ ઝબ્બે

મુખ્ય એજન્ટ જગદીશ પાટીલે એક સગર્ભાને મોકલી હતી, અન્ય બે સગર્ભાને મોકલનારની પોલીસને શોધ

સુરતઃ વરાછા વિસ્તારમાં અગાઉ જેલની હવા ખાઈ ચૂકેલા ફાર્માસિસ્ટ રામગોપાલ ખંડેલવાલે ફરીથી હોસ્પિટલનું નામ બદલી ગર્ભપાતનું નેટવર્ક શરૂ કર્યું હતું. આરોગ્ય વિભાગે પાડેલા દરોડા બાદ વરાછા પોલીસે આ રેકેટમાં સગર્ભાઓને લલચાવીને લાવતા ડિંડોલીના મુખ્ય કમિશન એજન્ટ જગદીશ પાટિલની ધરપકડ કરી લીધી છે. જગદીશ અહીં એક પેશન્ટ લાવવાના બદલામાં ફિક્સ રૂપિયા ૨૦૦૦નું કમિશન મેળવતો હોવાનો ભયાનક ખુલાસો થયો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ બાપુ પટેલની ટીમને બાતમી મળી હતી કે, વરાછા, લાભેશ્વર ચાર રસ્તા પાસે આવેલી 'મમતા મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ'માં ગેરકાયદે ગર્ભપાતનું મોટું રેકેટ ચાલી રહ્યું છે. જેના આધારે ગત ૪ મેના રોજ સાંજે આરોગ્ય વિભાગે સરપ્રાઈઝ રેડ પાડી હતી. આ રેડ દરમિયાન હોસ્પિટલમાંથી ગર્ભપાત માટે આવેલી ત્રણ સગર્ભા મહિલાઓ મળી આવી હતી, જેમાં વ્યારા અને શિરપુરની મહિલાઓ સામેલ હતી. ચોંકાવનારી વાત એ છે કે, હોસ્પિટલની સફાઈકામ કરતી મહિલાએ કબૂલ્યું હતું કે કોઈ ડિગ્રી વગર ફાર્માસિસ્ટ રામગોપાલ પોતે જ ડૉક્ટર બનીને આ મહિલાઓના ગર્ભપાતના ઓપરેશનો કરતો હતો. આરોગ્ય વિભાગની રેડ બાદ વરાછા પોલીસે મુખ્ય સૂત્રધાર રામગોપાલની અટકાયત કરી હોસ્પિટલમાંથી મળેલી મહિલાઓની કડક પૂછપરછ હાથ ધરી હતી. જેમાં ખુલાસો થયો હતો કે નવાગામ ડિંડોલી, કેશવ નગર ખાતે રહેતા જગદીશ રાવણ પાટિલે કમિશન લઈને દર્દીને અહીં મોકલી હતી.

વરાછા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જી. કરડાણીની ટીમે તાત્કાલિક એક્શનમાં આવીને ડિંડોલીથી એજન્ટ જગદીશની ધરપકડ કરી લીધી છે. બીજી તરફ, રેડ દરમિયાન મળી આવેલી ત્રણેય સગર્ભાઓને સારવાર માટે ૧૦૮ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી રહી હતી. આ દરમિયાન વ્યારાની ૨૪ વર્ષીય સગર્ભા મહિલા તક જોઈને એમ્બ્યુલન્સમાંથી ભાગી છૂટી હતી. હાલ પોલીસે પકડાયેલા એજન્ટ જગદીશ પાટિલની કસ્ટડી મેળવી પૂછપરછ શરૂ કરી છે અને બાકીના બે પેશન્ટ કોના મારફતે આવ્યા હતા તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

'સ્માર્ટ પ્રોજેક્ટ'થી જળ સંચયને મળશે પ્રોત્સાહન

પાસોદરાનું તળાવ આધુનિક પર્યટન સ્થળ બની જશે

રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, તળાવના સર્વાંગી વિકાસ માટે સુરત મનપાને જમીન સોંપાશે

સુરતઃ સુરત જિલ્લાના પુણા તાલુકાના મોજે પાસોદરામાં આવેલું સરકારી તળાવ હવે 'સ્માર્ટ પ્રોજેક્ટ' તરીકે વિકસાવવામાં આવશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા આ તળાવની જમીન સુરત મહાનગરપાલિકાને સોંપવાની મંજૂરી આપવામાં આવતા સ્થાનિકોમાં ખુશીની લાગણી વ્યાપી છે.

સરકારે આ નિર્ણય નાગરિકોની સુખાકારી અને પર્યાવરણ સંરક્ષણને ધ્યાનમાં રાખીને લીધો હોવાનું જણાવાયું છે. પાસોદરાના બ્લોક નં. ૨૪૬માં આવેલું આ તળાવ અંદાજે ૧૭,૮૧૪ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. હવે તેનું આધુનિક સુવિધાઓ સાથે સર્વાંગી વિકાસ કરવામાં આવશે. આ અંગે રાજ્યના આરોગ્ય રાજ્ય મંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સ્થાનિક સ્તરે નાગરિકોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું કે, પાસોદરાના તળાવને સ્માર્ટ પ્રોજેક્ટ તરીકે વિકસાવવાથી અહીં કુદરતી સૌંદર્યથી ભરપૂર એક આકર્ષક જાહેર સ્થળ તૈયાર થશે. તળાવના વિકાસ સાથે જળ સંચય ક્ષમતા વધશે, જેના પરિણામે આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને પાણીની સમસ્યામાં પણ રાહત મળશે.

ઇદ ઉલ અદહા નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ એકમેકને શુભેચ્છા પાઠવી

ઇદ ઉલ અદહા નિમિત્તે સુરતમાં હર્ષ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો. રાંદેર ઇદગાહ મેદાનમાં સવારે 7 વાગ્યે હજારો મુસ્લિમ બિરાદરોએ ઇદ ઉલ અદહાની વિશેષ નમાજ અદા કરી એકબીજાને "ઇદ મુબારક" કહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તહેવાર ત્યાગ, સેવા, ભાઈચારો અને માનવતાનો સંદેશ આપે છે. જરૂરિયાતમંદોને મદદ કરી ખુશીઓ વહેંચવાનો દિવસ છે. બજારોમાં રોનક, ઘરોમાં ખાસ વાનગીઓ અને બાળકોમાં ઉત્સાહથી તહેવારની ઉજવણી વધુ આનંદમયી બની છે. દુનિયાના દેશોમાં સૌહાર્દ અને એકતાની ભાવનાથી ઉજવાતી આ ઇદ દરેકના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી શુભકામનાઓ પાઠવાઇ હતી.

વૃદ્ધાને ડિજિટલ એરેસ્ટ કરી ૧.૩૪ કરોડ ખંખેરનાર સુરતમાં ઝડપાયો

મોરબીનો સાયબર ફ્રોડ માફિયા જીગ્નેશ ઉર્ફે જીગો મીસ્ત્રી કોસાડમાં સંતાયો હતો

નકલી પોલીસ સ્ટેશન જેવો જ આખો સેટઅપ ઊભો કરી કર્ણાટકના 90 વર્ષના વૃદ્ધા સાથે ઠગાઇ કરી હતી

સુરતઃ કર્ણાટક રાજ્યના કોલાર જિલ્લામાં ૯૦ વર્ષના એક સિનિયર સિટીઝન મહિલાને સીબીઆઈના નકલી અધિકારી બની ડરાવી, ડિજિટલ અરેસ્ટની જાળમાં ફસાવી રૂ. ૧ કરોડ ૩૪ લાખની માતબર રકમ પડાવનારને સુરત ક્રાઈમ બ્રાંચે ન્યુ કોસાડ રોડ, અમરોલી ખાતેથી ઝડપી પાડયો છે. ક્રાઇમ બ્રાંચે જીગો મીસ્ત્રી ધીરજલાલ વઘાડીયા (ઉ.વ. ૪૨, ધંધો- જમીન મકાન દલાલી, રહે. ક્રિષ્ના નગર સોસાયટી, અમરોલી, મૂળ રહે. મોરબી) ને ઝડપી લીધો હતો. આરોપી અત્યંત શાતિર હોય, ધરપકડથી બચવા માટે તે થોડા થોડા સમયે પોતાના રહેઠાણ અને સીમકાર્ડ બદલી નાખતો હતો. ગત ડિસેમ્બર ૨૦૨૪ માં આ ઠગબાજોએ ભોગ બનનાર વૃદ્ધાને વોટ્સએપ કોલ કરી પોતાની ઓળખ દિલ્હી TRAI અને CBI ના વરિષ્ઠ અધિકારી તરીકે આપી હતી. આરોપીઓએ નકલી પોલીસ સ્ટેશન જેવો જ આખો સેટઅપ ઉભો કરી વીડિયો કોલ કર્યો હતો અને વૃદ્ધાને જણાવ્યું કે તમારા ઓળખ પત્ર પર મની લોન્ડરિંગ અને ડ્રગ ટ્રાફિકિંગનું નકલી ખાતું ખૂલ્યું છે. એમ કહી ડીજીટલ એરેસ્ટ કરી લીધા હતા.

આર્થિકભીડનેકારણેજમીન દલાલ દારૂ વેચવા લાગ્યો

વર્ના કારમાં દારૂની પહેલી જ ખેપ મારવા જતા રૂ. ૪.૧૫ લાખનો મુદ્દામાલ સાથે પકડાયો

સુરતઃ સચીન દુરદર્શન ટાવર ચાર રસ્તા પાસેથી પસાર થતી વર્ના કારમાંથી પોલીસે બીયરના ટીન અને દારૂની નાની-મોટી ૪૬૮ બોટલ ઝડપી પાડી હતી.

સચીન પાસેથી વર્ના કાર (નંબરઃ GJ-05-JD-7839) દારૂ ભરીને પસાર થવાની હોવાથી પોલીસે ત્યાં વોચ ગોઠવી હતી. બાતમી મુજબની કાર દેખાતા પોલીસે તેને રોકી ઝડતી લેતા તેમાંથી બિયર અને દારૂની ૪૬૮ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રાજુ શાંતુભાઈ પટેલ (ઉ.વ. ૪૮, ધંધો- જમીન દલાલી, રહે. ઘર નં-૧૧૮, ઓલપાડી મહોલ્લો, લાલ બંગલા સામે, અઠવાલાઇન્સ, સુરત) ની ધરપકડ કરી હતી. પોલીસે રૂપિયા ૧,૦૫,૮૧૬/-ની કિંમતનો દારૂ, રૂપિયા ૩,૦૦,૦૦૦/-ની કાર અને રૂપિયા ૧૦,૦૦૦/-નો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તે જમીન દલાલ છે પરંતુ દલાલી બરાબર નહીં ચાલતા આર્થિક સંકળામણ દૂર કરવા માટે તેણે દારૂનો ધંધો શરુ કર્યો હતો અને આ તેની પહેલી જ ખેપ હતી. તે નવસારીના પિન્ટો પટેલ પાસેથી દારૂ ભરી મગદલ્લાના મનીષ પટેલને ડિલિવરી આપવા જઈ રહ્યો હતો. જેથી પોલીસે નવસારીના પિન્ટો અને મગદલ્લાના મનિષ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો. સચીન પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એન. વાઘેલાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફના એએસઆઈ ઈન્દ્રજીતસિંહ અમરસંગ અને પોલીસ કોન્સ્ટેબલ દશરથભાઈ માવજીભાઈને મળેલી બાતમીના આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એમેઝોન પર ધંધાના નામે ડિંડોલીની મહિલા સાથે ૨૮ લાખની ઠગાઈ

વરાછાના ઠગે ૨૪ દિવસમાં રોકાણ કરેલી રકમ નફા સાથે પરત આપવાની લાલચ આપી ભાગીદાર બનાવી હતી

સુરતઃ એમેઝોન કંપની પર બાળકોના સ્ટડી ટેબલ વેચવાના ધંધામાં રોકાણ કરાવી માત્ર ૨૪ દિવસમાં નફા સાથે રકમ પરત આપવાની લાલચ આપી વરાછાના ગઠિયાએ મહિલા પાસેથી રૂપિયા ૨૮ લાખથી વધુની રકમ પડાવી લીધી છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ આખરે ડિંડોલી પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ડિંડોલીના કરાડવા રોડ ઉપર આવેલી બજરંગનગર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય અર્ચનાબેન વિશ્વનાથસિંગ ભદોરિયા પ્રોપર્ટી લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વરાછાના હીરાબાગ વિસ્તારમાં રહેતા દક્ષેશભાઈ દીપકભાઈ બેલડિયા નામના શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો. તેણે તે એમેઝોન પર બાળકોના સ્ટડી ટેબલ વેચવાનો ઓનલાઈન બિઝનેસ કરતો હોવાનું કહ્યું હતું. તેણે અર્ચનાબેનને ઓફર આપી હતી કે, 'તમે માત્ર સ્લીપિંગ પાર્ટનર તરીકે ધંધામાં મૂડી રોકો. માલ ખરીદવાથી લઈને પેકિંગ અને એમેઝોન પર વેચાણ સુધીની તમામ જવાબદારી મારી રહેશે.' એમેઝોનના નિયમ મુજબ ૨૪ દિવસમાં જ મુદ્દલ અને નફો ખાતામાં જમા થઈ જશે. જેથી અર્ચનાબેને એપ્રિલ-૨૦૨૩થી જૂન-૨૦૨૩ દરમિયાન તેમના અલગ-અલગ બેંક ખાતા, ક્રેડિટ કાર્ડ તેમજ રોકડ સ્વરૂપે ટુકડે-ટુકડે કરી કુલ રૂપિયા ૩૧,૦૩,૧૭૯નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ આરોપીએ નાણા ચૂકવવામાં ગલ્લાતલ્લા શરૂ કર્યા હતાં. લાંબી ઉઘરાણી બાદ આરોપીએ નફા અને રોકાણના ભાગરૂપે માત્ર રૂપિયા ૩ લાખ પરત આપ્યા હતા. બાકી નીકળતા રૂપિયા ૨૮,૦૩,૧૭૯ની માંગણી કરાતા આરોપીએ વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું.અ ત્યારબાદ તેણે ફોન ઊંચકવાનું બંધ કરી દેતા ર્ચનાબેને પોલીસ ફરિયાદ કરી હતી.

ઉત્રાણના સેન્ટોસા હાઈટ્સમાંથી જુગાર રમતી 7 મહિલા ઝડપાઈ

ફ્લેટમાં જુગાર રમતી મહિલાઓ પાસે ૪૬,૪૩૦ જપ્ત કરવામાં આવ્યા

સુરતઃ ઉત્રાણ પોલીસે હાઈપ્રોફાઈલ લેડીઝ જુગારધામ પર પોલીસે દરોડો પાડીને તીનપત્તીનો જુગાર રમતી ૭ મહિલાઓને રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૪૬,૪૩૦ ના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉત્રાણ પોલીસે સેન્ટોસા હાઇટ્સ બિલ્ડિંગના 'બી' બ્લોકના ફ્લેટ નંબર ૨૦૨ માં રહેતી રેખાબેન કિશોરભાઈ જુલાસણા નામની મહિલાના ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. તે પોતાના આર્થિક ફાયદા માટે બહારથી અન્ય મહિલાઓને બોલાવીને ગંજીપાનાનો રૂપિયાની હાર-જીતનો જુગાર રમાડતી હતી. પોલીસે અહીંથી જુગાર રમતી સાત મહિલાને ઝડપી પાડી હતી. ઉત્રાણ પોલીસ સ્ટેશનના સિનિયર પી.આઈ. એચ.આર. ગોસ્વામી અને સેકન્ડ પી.આઈ. એન.જી. પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સેકન્ડ પી.આઈ. એન.જી. પટેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પકડાયેલી મહિલાઓ મૂળ સૌરાષ્ટ્રની

પોલીસે સ્થળ પરથી (૧) રેખાબેન કિશોરભાઈ જુલાસણા (રહે. સેન્ટોસા હાઇટ્સ, ઉત્રાણ), (૨) વૈશાલીબેન અશોકભાઈ મોરડીયા (રહે. યોગીચોક), (૩) મધુબેન માનસિંગભાઈ વાળા (રહે. અમરોલી), (૪) જયશ્રીબેન અરવિંદભાઈ પટેલ (રહે. મોટા વરાછા), (૫) નયનાબેન દીપકભાઈ માવધીયા (રહે. અમરોલી), (૬) રીનાબેન અલ્પેશભાઈ ગોલ (રહે. અમરોલી) અને (૭) જયશ્રીબેન મહેશભાઈ પરમાર (રહે. અમરોલી) ની ધરપકડ કરી છે. આ તમામ મહિલાઓ મૂળ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાની વતની હોવાનું સામે આવ્યું છે.

રૂપિયા ૪૬ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી દાવ પરના રોકડા રૂ. ૩,૦૦૦/- , આરોપીઓની અંગઝડતીમાંથી મળેલા રોકડા રૂ. ૧૭,૪૩૦/-, અંદાજિત ૨૬,૦૦૦ ની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન અને ગંજીપાના મળી કુલ રૂ. ૪૬,૪૩૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉત્રાણ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૪,૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ન્યૂમોનિયાની સારવાર બાદ વૃદ્ધે તાપી નદીમાં પડતું મૂક્યું

હોસ્પિટલમાંથી રજા લઈને ઘરે આવ્યા બાદ વૃદ્ધ ઘરે કોઇને કહ્યા વગર નીકળી ગયા

સુરતઃ ન્યૂમોનિયાની સારવાર લઈને ઘરે આવેલા નાના વરાછાના વૃદ્ધે તાપી નદીમાં પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી. હોસ્પિટલમાંથી રજા લઈને આવ્યા બાદ વૃદ્ધ ઘરે કોઈને કહ્યા વગર નીકળી ગયા અને ઘર પાસે જ નદીમાં પડતું મૂક્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના વતની લાભુભાઈ દેવશીભાઈ રાદડિયા (ઉ.વ.85) હાલમાં નાનાવરાછા ગિરનાર સોસાયટીમાં આવેલ શેરી નં-1માં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવી રહ્યા હતા.

લાભુભાઈને છેલ્લા એક અઠવાડિયાથી ન્યુમોનિયાની બીમારી હતી. જેથી તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. બુધવારે સારવાર બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તેઓ ઘરે આવ્યા બાદ કોઇને પણ કહ્યા વગર બપોરે 2 વાગ્યાના સુમારે ઘરેથી નીકળી ગયા હતા અને ઘર પાસે આવેલી તાપી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. ફાયર તેમજ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

દરમિયાન એક કલાક બાદ ગિરનાર સોસાયટી શેરી નં-3 નજીક તાપી નદીના પાણીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયરના માણસોએ મૃતદેહ બહાર કાઢી કાપોદ્રા પોલીસને કબજો સોંપ્યો હતો. લાભુભાઈએ બીમારીથી કંટાળીને આત્મહત્યાનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

યુવતીઓની છેડતીનું ધામ ઉધનાના ઓપન બાર પર 'જનતા રેડ' થઈ

જનતા રેડ દરમિયાન યુવાને બૂમો પાડી કે આ અડ્ડાના કારણે મારી બહેનની છેડતી થઈ છે

પૂર્વ કોર્પોરેટરના આશીર્વાદથી અડ્ડો ચાલી રહ્યો હોવાના લોકોના આક્ષેપો

બુટલેગરોના સાગરીતોએ વિડીયો ઉતારતા અટકાવવાના પ્રયાસો કર્યા પણ લોકોએ આડે હાથ લીધા

સુરત : ઉધનાની એમ ફોર માર્કેટ પાસે ખુલ્લેઆમ ધમધમતા દારૂના અડ્ડાથી ત્રસ્ત સ્થાનિકો અને મહિલાઓએ ભેગા મળીને જનતા રેડ પાડી હતી. જાણે કોઈ ઓપન બાર ચાલી રહ્યો હોય તેમ દેશી-વિદેશી દારૂનું વેચાણ અને પીવાની સુવિધા જોઈને લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. વાયરલ વીડિયોમાં સ્થાનિકોએ આક્રોશ સાથે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની દારૂબંધીની નીતિ સામે સવાલો ઉઠાવ્યા હતા.

લોકોનો આક્ષેપ છે કે પૂર્વ કોર્પોરેટરના આશીર્વાદથી જ આ કાળો કારોબાર ચાલી રહ્યો છે. રાત્રે ૧૧૨ નંબર પર જાણ કરાતા પી.આઈ. આર.એમ. ઠાકોરની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કેસ નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

જનતા રેડ દરમિયાન વાતાવરણ ત્યારે ભારે ગરમાયું જ્યારે એક યુવકે બૂમો પાડીને કહ્યું કે, 'આ અડ્ડાના કારણે મારી બહેનની છેડતી થઈ છે.' મહિલાઓએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, દારૂના કારણે કેટલાય પરિવારો બરબાદ થઈ ગયા છે અને લોકો મરી રહ્યા છે. આ રેડ દરમિયાન બૂટલેગરોના સાગરીતોએ વીડિયો ઉતારતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઉશ્કેરાયેલા ટોળાએ તેમને બરાબરના આડે હાથ લીધા હતા. જનતાએ ખુલ્લી જગ્યામાં છુપાવેલો દેશી દારૂની પોટલીઓ અને ઈંગ્લિશ દારૂની બોટલોનો મોટો જથ્થો શોધી કાઢી પોલીસને સોંપી હતી.

આ જનતા રેડમાં કોંગ્રેસ અને ભીમ આર્મી (ભીમસેના)ના કાર્યકરો પણ પોતાના સંગઠનના ખેસ પહેરીને સ્થાનિકોના સમર્થનમાં ઉતરી આવ્યા હતા. વિપક્ષે સુરત પોલીસની પ્રોહિબિશનની કામગીરી સામે આકરા પ્રહારો કરતા આક્ષેપ કર્યો હતો કે, પોલીસની રહેમનજર હેઠળ જ આવા અડ્ડાઓ ધમધમે છે, જેથી જનતાએ કાયદો હાથમાં લેવો પડ્યો છે.

મનપા અને BOB વચ્ચે ઐતિહાસિક સમજૂતી કરાર

કર્મચારીઓને મળશે 2 કરોડ સુધીનું વીમા કવચ અને અન્ય લાભો

સુરતઃ સુરત મહાનગર પાલિકાના મનપા કમિશનર નાગરાજન એમ. અને બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજર મુકેશ નવલ દ્વારા 27 મે-2026ના રોજ એક મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. 3 વર્ષના સમયગાળા માટે કરાયેલો આ MOU 27 મે-2026થી અમલમાં આવી 31 મે-2029 સુધી માન્ય રહેશે, જેનો મુખ્ય હેતુ મનપાના કર્મચારીઓનાં સેલરી એકાઉન્ટ પર વિશેષ લાભો આપવાનો અને ચૂકવણી સરળ બનાવવાનો છે. આ કરાર હેઠળ કર્મચારીઓને આધુનિક બેંકિંગ સુવિધાઓ, મફત ટ્રાન્ઝેક્શન અને લોન પર વિશેષ રાહતો મળશે, જેમાં પગાર બેંકિંગ કલાકોની શરૂઆતમાં જ જમા થઈ જશે અને અન્ય ચૂકવણીઓ 24 કલાકમાં પ્રક્રિયા પામશે. સૌથી મોટો ફાયદો વીમા કવચનો છે, જેમાં કર્મચારીના અવસાનના કિસ્સામાં 10 લાખનું જીવન વીમા કવર, 1 કરોડનું વ્યક્તિગત અકસ્માત વીમા કવર અને 1 કરોડનું એર અકસ્માત વીમા કવર મળી કુલ 2 કરોડનું વીમા કવર મળશે. આ ઉપરાંત, પુત્રીનાં લગ્ન માટે 10 લાખ, ઉચ્ચ શિક્ષણ માટે 10 લાખ, કાયમી અશક્તતા માટે 1 કરોડ અને આંશિક અશક્તતાના કિસ્સામાં 75 લાખનું વિશેષ કવર પૂરું પાડવામાં આવશે.

કર્મચારીઓ માટે ઝીરો બેલેન્સ પગાર ખાતા સાથે લાઈફટાઈમ ફ્રી ડેબિટ-ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ રહેશે તથા એટીએમ ઉપાડ, ચેકબુક, ડિમાન્ડ ડ્રાફ્ટ, RTGS, NEFT, UPI, IMPS, SMS અને Email Alerts જેવી તમામ સુવિધાઓ તદ્દન મફત રહેશે.

કર્મચારીઓને લોકર ભાડા પર 20%થી 50% સુધીનું અને હોમ/ઓટો લોન લેવા પર વધારાનું 5%થી 10% સુધીનું ડિસ્કાઉન્ટ મળશે.

બિહારમાં હત્યા કરી 3 વર્ષથી ફરાર રીઢો આરોપી ઝડપાયો

SOGની ટીમે ઉધના સ્ટેશન રોડ પર વોચ ગોઠવી રાજા સંદેશ ઝાને દબોચી લીધો

સુરતઃ ગુજરાત સહિત અન્ય રાજ્યોના ગંભીર ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સુરત પોલીસ કમિશનર દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓ અંતર્ગત સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ને સફળતા મળી છે. બિહાર રાજ્યમાં હત્યા, ખૂનની કોશિશ અને અપહરણ જેવા ચાર જેટલા ગંભીર ગુના આચરી છેલ્લા ૩ વર્ષથી પોલીસને થાપ આપતા એક કુખ્યાત આરોપીને SOGની ટીમે ઉધના વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે બિહારના બેગુસરાઈ જિલ્લાનો વોન્ટેડ આરોપી રાજા સંદેશ ઝા હાલ ઉધના સ્ટેશન રોડ, નંબર-૦૩ પર આવેલા વિપુલ ફેશનના ટેરેસ પર રૂમમાં છૂપાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો. પોલીસની આગવી ઢબે પૂછપરછમાં આરોપીએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. ઓગસ્ટ ૨૦૨૩માં બિહારના વિક્રમપુર ગામના રોહીની નંદન નામના યુવકનું કારમાં અપહરણ કરી, માથામાં કુહાડીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી અને તેની લાશને શ્યામપુરની ઝાડીઓમાં દાટી દેવાઈ હતી. આ સમગ્ર હત્યાકાંડનું કાવતરું સમાધાન ન કરવા બદલ ઘડાયું હતું, જેમાં કુલ ૭ આરોપી સામેલ હતા. અગાઉ સુરત પોલીસે આ કેસના સહ-આરોપી રિતેષને પણ પકડી પાડ્યો હતો. પકડાયેલ આરોપી રાજા સંદેશ ઝા બિહારના બેગુસરાઈ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં હત્યા (કલમ-૩૦૨), હત્યાની કોશિશ (કલમ-૩૦૭), અપહરણ અને આર્મ્સ એક્ટ જેવા ૪ ગંભીર ગુનાઓમાં વોન્ટેડ હતો.